# -: રુહાની નુસ્ખો :-

મુમેનીનને લાઈક અને શાઈક છે કે, રાતે મેહવે આરામમાં જાતા પહેલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અલી મુશ્કિલકુશા (અ.સ.) ને જે વસીયત કીધી હતી, તે પર અમલ દર આમદ થાય. અમલની શાકેલત આ મુજબ છે :

(૧) સૂરતુલ ઈખ્લાસ **"કુલ હુવલ્લાહો અહદ"** ત્રણ વક્ત પઢે જે કુરઆનને ખત્મ કીધા બરાબર છે.

(૨) સૂરતુલ ફાતેહા "અલ્હમ્દો" ચાર વક્ત પઢે જે ચાર હઝાર દિરહમ સદકો કીધા બરાબર છે.

(૩) **"સુબ્હાનલ્લાહ, વલ્હમ્દો લિલ્લાહ વલા ઇલાહા ઇલ્લલ્લાહો અલ્લાહો અકબર વલા હૌલા વલા કૂવતા ઇલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ"** એક વક્ત પઢે જે ઉમરહ અને હજ્જ કીધા બરાબર છે.

(૪) **"અસ્તગફેરૂલ્લાહિલ્લઝી લા ઇલાહા ઇલ્લા હુવલ હય્યુલ કય્યૂમ લે ઝુનૂબી કુલ્લેહા વ અતૂબો ઇલયહે"** દસ વક્ત પઢે જે ઔલાદની ખુશહાલી અને આબાદી વાસ્તે બેહતર નુસ્ખા છે.

(૫) **"અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદિંવ વઅલા આલે મોહંમદિન કમા સલ્લયતા વ સલ્લમતા અલા ઇબ્રાહીમ વ અલા આલે ઇબ્રાહીમ ઇન્નકા હમીદુમ મજીદ"** દસ વક્ત પઢવાથી જન્નતની ખરીદારીનો સવાબ હાસિલ થાય છે. ★

કોઈ પણ કિસ્મના દર્દને દૂર કરવા વાસ્તે આ મુજબ દોઆ પઢે. **"અઊઝો બેકુદરતિલ્લાહ, અઊઝો બેજલાલિલ્લાહ, અઊઝો બેઅઝમતિલ્લાહ, અઊઝો બેજમીએ હોદૂદિલ્લાહ, અઊઝો બેઅસ્માઇલ્લાહ, અઊઝો બેઅસ્માએ રસૂલિલ્લાહ મિન શર્રે મા અજેદો ફીકા,"** યાઅની કે, હું અલ્લાહની કુદરતની, તેના જલાલની, તેની અઝમતની, તેના કુલ હુદૂદની, તેના નામોની, તેના રસૂલના નામોની પનાહ ચાહું છું તે શર અને બીગાડથી જે તારા માં મૌજૂદ છે. ★

બચ્ચા ઉપર કોઈની બદનઝર હોય યા ઘડી-ઘડી બીમાર પડતા હોય તો આ દોઆ પઢી ને ફૂંક મારે. **"ઓઇઝોકા બેકલેમાતિલ્લાહિત્તામ્મા મિન શર્રે કુલ્લે શયતાનિવ વ હામ્મા વમિન કુલ્લે અયનિલ લામ્મા"**, યાઅની કે, અય રબ્બુલ આલમીન, હું તારા બાકમાલ કલેમાતની પનાહ ચાહું છું, હર ડંખ મારનાર શયતાનના શરથી અને હર બદ નઝરની ખરાબીથી. ★